

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

બંધ સ્મશાન શરૂ કરો, રીપેર કરી સુધારો!
ગામમાં ન હોય તો નવા પ્લાન્ટ નાખીને વધારો!
સધિયારો દે છે આપણી આ જાગૃત સરકાર -
છોડો ફરિયાદો 'દવાની' - છે સુવિધા 'અહીં' પધારો!!

હાઈકુ

ચોથી લહેરે -
સ્મશાન જાગૃતિની -
અગમચેતી!?

'અછત નથી'
સહન કરો - ધૈર્યથી -
ડરો યા મરો!

### ચિંતન

**સૂયવસાદ્ ભગવતી હિ ભૂયા અથો વયં ભગવન્તઃ સ્યામ ।**
**અદ્ધિ તૃણમઘ્ન્યે વિશ્વદાની પિબ શુદ્ધમુદકમાચરન્તી ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

સંતાનો સુશિક્ષિત બને એટલા માટે માતાઓ સાવધાન બને. જે સ્ત્રીઓ સદાચારી પુરુષોની સાથે લગ્ન કરીને સંતાનો પેદા કરે છે અને તેમને સંસ્કારવાન બનાવે છે તેનાથી સમાજનું ગૌરવ વધે છે. તેમની સહાય ગાયોની માફક પવિત્ર હોય છે.

પત્નીનું સર્વોત્તમ રુપ તેના માતૃત્વમાં રહેલું છે અને તેનાથી તેનું વ્યક્તિત્વ પૂર્ણ બને છે. સંતાનને જન્મ આપવો એક મહાન જવાબદારી છે, જેના પરિણામો દૂરગામી હોય છે. જે રીતે બીજાં બધાં કાર્યો માટે પહેલેથી તૈયારી કરી લઈએ છીએ, તે જ રીતે આ અતિ મહત્ત્વપૂર્ણ કાર્યની તૈયારીમાં કોઈ પણ પ્રકારની ભૂલ કરવી જોઈએ નહીં. પહેલેથી જ પોતાના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક પૃષ્ઠભૂમિ અને કૌટુંબિક વાતાવરણને એટલું શ્રેષ્ઠ બનાવી લેવું કે જન્મ લેનાર સંતાન દરેક દૃષ્ટિથી શુદ્ધ અને સુંસ્કારી બને. સમાજમાં પ્રતિભાશાળી તથા શ્રેષ્ઠ માણસોની સંખ્યા ત્યારે વધી શકે છે, જ્યારે સુયોગ્ય, સદ્‌ગુણી, સુવિકસિત અને સુસંસ્કારી સંતાનને જન્મ આપવાનું પવિત્ર કર્મ પૂરી શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક કરવામાં આવે.

### સુવિચાર

- હર કિસી કો ખુશ રખ સકું વો સલીકા મુઝે નહીં આતા,
  જો મૈં નહીં હું વો દિખાને કા તરીકા મુઝે નહીં આતા - **ડો. રાહી રઝા**
- જ્યારે ઈશ્વર બચાવવા નથી જ ઈચ્છતો, ત્યારે ધન,
  માતાપિતા કે ડૉક્ટર કોઈ રક્ષા કરી શકતું નથી - **જીવનપાથેય**
- મુશ્કેલીઓને જે મુસીબત નથી માનતો તે મુશ્કેલીઓને મુશ્કેલીમાં નાખીને પાછી મોકલી દે છે - **સ્વામી રામતીર્થ**
- જીવનમાં ન તો વિનોદનું સ્થાન છે કે ન આંસુઓનું, જીવન તો એક સેવાસદન છે - **ટોલ્સટોય**
- દુઃખ એ અનુભવનું વિદ્યાલય છે - **પેટ્રિક હેન્રી**
- અહિંસા, સંયમ, તપ એ પાયા પર ઊભેલો ધર્મ સર્વશ્રેષ્ઠ મંગળ છે,
  જેનું મન ધર્મરત છે તેને દેવ પણ નમે છે - **મહાવીર ભગવાન**
- આજનું ઔષધ : મેથીની ભાજી ઠંડા પાણીમાં પલાળી રાખી. ત્રણ કલાક બાદ તેને મસળી - ગાળીને પાણીમાં મધ નાખીને પીવાથી ઉનાળામાં લૂ લાગી હોય તો તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

મૃગાપુત્રનો જન્મ અતિ ધનિક પરિવારમાં થયો હતો. જેમ જેમ એ યુવાન થતો ગયો તેમ તેને ખ્યાલ આવ્યો કે અપાર બાહ્ય સમૃદ્ધિ હોવા છતાં ભીતરથી તે અશાંત હતો. એકવાર મૃગાપુત્રે એક મુનિને જોયા. એમના ચહેરા પર અનન્ય તેજ છલકાઈ રહ્યું હતું. મૃગાપુત્ર ને થયું કે આ મુનિ પાસે તો કોઈ ધનવૈભવ કે સુખ સાહ્યબી નથી તેમ છતાં કેટલાં બધા પ્રસન્ન દેખાય છે? મૃગાપુત્રે તેમને ઊભા રાખી પુછ્યું, 'મુનિરાજ, ચારે તરફ દુઃખ અને તનાવ જોવા મળે છે. વ્યગ્રતા અને વ્યસ્તતા જોવા મળે છે. સૌ કોઈ અકળાયેલા જોવા મળે છે. એનું કારણ શું ??' મુનિરાજે જવાબ આપતા કહ્યું, 'સાંસારિક ભોગોપભોગની ઈચ્છા એ જ દુઃખનું કારણ છે. જે સાંસારિક ઈચ્છાઓને સીમિત કરી શકે છે. એ સુખી રહી શકે છે. આવશ્યકતા પ્રમાણે ધનનો ઉપયોગ કરનાર હંમેશા સંતુષ્ટ રહે છે. આથી સાચું સુખ મેળવવા માટે ઈચ્છાઓ ને સીમિત કરવી જરૂરી છે.' મૃગાપુત્રને વાત સમજાઈ તેમને માતાપિતા પાસે સાધુ તરીકે જીવન વિતાવવાની ઈચ્છા વ્યક્ત કરી. માતાએ કહ્યું, 'બેટા આજ સુધી તું સુખ સાહ્યબી વચ્ચે ઉછર્યો છે. માંગ્યું તે મળ્યું છે. સાધુ થયા પછી તું બિમાર પડી જાય તો તારી સંભાળ કોણ લેશે?' મૃગાપુત્રે કહ્યું, 'ઘનઘોર જંગમાં હરણ અને અન્ય પશુ-પક્ષીઓ વસે છે. તેઓ બીમાર પડે છે ત્યારે તેમની સેવા-સુષુષા અને એમના ઉપચાર કોણ કરે છે?' માતા આ સવાલનો ઉત્તર આપી શકી નહીં. અને એમણે મૃગાપુત્રને સાધુ જીવન જીવવા પરવાનગી આપી.

# આફતને અવસરમાં ફેરવવાની આવકારદાયક કવાયત

**તંત્રીસ્થાનેથી...**

કોરોના સંકટ સોમ સરકારને કુદરતે જ તળિયે બેસી ગયેલી ઈમેજને પુનઃસ્થાપિત કરવાની તક પૂરી પાડી છે. તૌકતે વાવાઝોડું ગુજરાત પર ત્રાટક્યું અને એની સાથે અન્ય પાડોશી રાજ્યોને પણ ઘમરોળતું ગયું. હજુ એવું જ બીજું વાવાઝોડું દેશના પૂર્વ કિનારે ત્રાટકવાની તૈયારી કરી રહ્યું છે. ચાઈનીઝ કોરોનાના કોચલામાં પુરાઈ ગયેલી પ્રજા અને સરકાર બેઉનું ધ્યાન આ નવી કુદરતી આફતે 'ડાઈવર્ટ' કર્યું છે અને એથી વાતાવરણમાં વિનાશ વચ્ચે 'પોઝિટિવિટી' ઉમેરાઈ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આફતને અવસરમાં પલટવા માટે જાણીતા છે. ગુજરાતમાં વેરાયેલા વિનાશના વળતા જ દિવસે એમને વતનના રાજ્યની મુલાકાત લઈ એક સંવેદનશીલ વડાપ્રધાનની ઈમેજ ઊભી કરી છે. યાદ રહે કે કોરોના સામેની લડાઈમાં એમની આ મુદ્દે ઘણી જ નકારાત્મક છાપ ઊપસી ચૂકી હતી. એમણે લાશોના ગંજ વચ્ચે લાખોની રેલીઓ યોજી હતી અને 'જયશ્રી રામ'ના સૂત્રથી નારાજ મમતા સામે 'દીદી ઓ દીદી!' જેવાં લાંબા લહેકાવાળા સંબોધનો કર્યા હતાં જેનો પ્રતિસાદ પશ્ચિમ બંગાળની પ્રજાએ મત પેટીઓ મારફત પાઠવી દઈ એમને પડકાર્યા હતા. મોદીએ ગુજરાતના વાવાઝોડા વખતે 'પુનશ્ચ હરિ ૐ' કરી તાબડતોબ તક ઝડપી લીધી અને રાજ્ય સરકારની અપેક્ષા કરતાં પણ વધારે મોટું આર્થિક પૅકેજ જાહેર કરવા ઉપરાંત મૃતકો એન ઈજાગ્રસ્તો માટે કેન્દ્રની માતબર સહાય જાહેર કરીને લોકમાનસમાં ઈમેજને માંજીને ઊજળી કરતા ગયા. વડાપ્રધાનની આ ચેષ્ટાથી ગુજરાત સરકારની ઈમેજ પણ લોકમાનસમાં સુધરી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આઈસોલેશનમાં રહેલા નાયબ મુખ્યમંત્રીની સહાય વગર અન્ય કૅબિનેટ મંત્રીઓને જિલ્લાવાર જવાબદારી સોંપી 'ઝીરો કેઝ્યુઅલ્ટી' નું ટાર્ગેટ સિદ્ધ કરવા પ્રયાસ કર્યો એથી જાનહાનિ ઘણી ઓછી થઈ હતી. અલબત્ત, વાવાઝોડું બીજી રીતે ઘણું મોટું નુકશાન કરતું ગયું છે જેની અસરમાંથી બહાર નીકળતાં અસરગ્રસ્ત વિસ્તારોને ઘણો સમય લાગશે. વાવાઝોડાને કારણે સ્થગિત કરાયેલ રસીકરણ ઝુંબેશ પણ ફરી વેગ પકડશે અને કુદરતી ક્રમમાં વાવાઝોડાની જેમ જ ચાઈનીઝ કોરોનાનો કોપ પણ હળવે થતાં રાહતનો દમ લઈ શકાશે એવાં એંધાણ વરતાઈ રહ્યા છે. મોદી શાસનકાળમાં ભારત આર્થિક હરણફાળ ભરવાનાં સપનાં જોતું હતું પરંતુ પરિણામ એથી ઊલટું જ આવ્યું છે. આ પણ એક પ્રકારનો 'કવિન્યાય' (-પોએટિક જસ્ટિસ) છે. ક્યાં તો પાંચ ટ્રિલિયનની વૈશ્વિક ઈકોનોમી બનવાની વાતો થતી હતી અને આજે ક્યાં પહોંચી જવાયું ! કેન્દ્ર પોતાની નિષ્ફળ અર્થનીતિનો દોષનો ટોપલો ચાઈનીઝ કોરોના પર જરૂર ઢોળી દેશે. જોકે કોરોનાને વકરવા દેવાની તક પણ કેન્દ્રની નબળી આરોગ્યનીતિને કારણે જ મળી છે એ હકીકતને નજર અંદાજ કરવી મુશ્કેલ છે. આગામી વર્ષોમાં આવી રહેલી ચૂંટણીઓમાં આ બધી બાબતો શાસક પક્ષને નડવાની છે એ નક્કી. જો કે એ વિપક્ષોને કેટલી ફળશે તે કહેવું હજી કસમયનું છે. ભારતીય જનતા પાર્ટીને હવે લોકો એની અટલ બિહારી કાળની 'પાર્ટી વિથ ડિફરંસ' સ્વરુપે નથી જોતા. મહદંશે એ એક અનિવાર્ય અનિષ્ટ તરીકે લોકમાનસમાં સ્વીકૃત થઈ ચૂકી છે. હિંદુ બહુમતી પાસે હિંદુઓની ખુલ્લી વકીલાત કરનારો એ એક માત્ર રાષ્ટ્રીય વિકલ્પ છે. છેલ્લે તો ચૂંટણી આવા ઈમોશનલ મુદ્દે જ લડાતી હોય છે.

# વન - હજુ કેટલું દૂર છે?!



## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

ચૈત્ર સુદ નવમી એટલે રામનવમી અને વૈશાખ સુદ નવમી એટલે સીતા નવમી. પ્રાચીન ભારતની પાંચ વંદનીય નારી પ્રતિભાઓમાં એનો સમાવેશ છે.

સાંજ ઢળી હતી. સીતા અંતઃપુરમાં હતી. રામે પ્રવેશ કર્યો. એકબીજાના ચહેરાની લિપિ તરત જ વાંચી લે, એ પતિ-પત્ની. સીતાએ ઉદાસીનું કારણ પૂછ્યું. શ્રી રામે જણાવ્યું - 'કાલે હવે મારો અભિષેક નથી, ભરતનો છે. મારે ચૌદ વરસનો વનવાસ છે, આ રાજાની આજ્ઞા છે. હું તારી વિદાય લેવા આવ્યો છું.'



સીતાને આઘાત થયો. પરંતુ એ ન બેભાન થઈ, ન એણે પછડાટ ખાધી. ન કોઈના પર ગુસ્સે થઈ. એ 'શ્રીરામને અનુરુપ' પત્ની હતી. માત્ર અશ્રુ. એણે તરત જ બીજી જ ક્ષણે પોતાનો નિર્ણય જાહેર કર્યો. 'હું તમારી સાથે આવું છું.'

અંતઃપુરની અનુભવી વૃદ્ધ સ્ત્રીઓએ કહ્યું, 'તારે જવાની જરૂર નથી. આદેશ તો રામ માટે છે.' કૌશલ્યાએ કહ્યું. 'તું ન જા. તું મને વહાલી છો. મને નહિ ગમે. મેં તને ક્યારેય સૂતી વખતે, અંતઃપુરના દીવા ઠારવાનું પણ કહ્યું નથી. તને કેમ જવા દઉં? વનમાં હિંસક પ્રાણીઓ હોય. અત્યારે તું ચિત્રમાં દોરાયેલા વાનરથી પણ ભયભીત થાય છે. આ રાજસી સુખો છોડીને વનમાં દુઃખી થવા શા માટે જાય છે?' રામે કહ્યું, 'તું ન આવ. વનવાસ ભારે કષ્ટભર્યો. વલ્કલો પહેરવાના. કંદમૂળ અને ફળ ખાવાના. દંડક વન ગાઢ અને ગીચોગીચ. જમીન ઉપર સૂવાનું. હિંસક પ્રાણીઓનો ત્રાસ. આ વનમાં તો રાક્ષસો પણ માનવભક્ષી.'

બધાંનું સાંભળ્યા પછી પણ, જરા પણ વિચલિત થયા વગર જાહેર કરી દીધું. 'હું તમારી સાથે આવું છું.'

હું તમારે રસ્તે તમારી આગળ ચાલતી રહીશ. રસ્તામાંથી કાંટા કાંકરા, ઝાડી ઝાંખરા સાફ કરતી રહીશ. ફૂલોથી મહેકતાં ઉપવનોમાં તમારી સાથે વિહાર કરીશ. મને માતપિતા તરફથી શીખ મળી છે. 'દરેક પરિસ્થિતિને અનુકૂળ થઈ જવાનું. પતિ મહેલમાં હોય કે વનમાં - એનો સાથ નહિ છોડવાનો.' હું નાની હતી, ત્યારે એક જ્યોતિષિ આવેલા, અને કહ્યું હતું - 'આને અરણ્યયોગ છે.' આ તો મને સામે ચાલીને અરણ્યયોગ પ્રાપ્ત થયો છે. હવેથી વનદેવતા અને વનદેવી મારા માતાપિતા છે અને પશુપક્ષીઓ મારા સ્વજનો. તમે હો, તો સુખ; તમે ન હો, તો દુઃખ. તમે હો, તો ચૌદ વરસ પસાર થાય, તમે ન હો, તો એક પળ પણ નહિ.'

રામે કહ્યું, 'મારી પોતાની પણ મનમાં ઈચ્છા હતી.' 'તું આવે.' હું પણ તારા સિવાય રહી ન શકું. કોઈ પણ સ્થિતિમાં હું તારું રક્ષણ કરવા સમર્થ છું. એમાં મારો આનંદ છે. મારે તો ખાલી આજ કરવું હતું. 'તું આ નિર્ણય તારી જાતે લીધો. તું આમાં કેટલી દૃઢ છો? વનવાસમાં ભયસ્થાનો બતાવ્યાં - તું ચલિત તો થતી નથી ને?' તું ચોક્કસ આવ, મને પણ ગમશે. બસ, હવે વનપ્રસ્થાનની તૈયારીમાં લાગી જા.

સીતા રાજી રાજી થઈ ગઈ.

પછી તો લક્ષ્મણ પણ સાથે થયો.

ત્રણેય નગર છોડીને ખરેખર વનમાં પ્રવેશ કર્યો. ત્રણ ચાર ડગલાં આગળ ચાલ્યાં; ત્યાં સીતાએ પૂછ્યું - 'વન હજુ કેટલું દૂર છે?!'

# આર્યભટ્ટ અનુસંધાન વેધશાળા કયાં આવેલી છે?



## ખજાનો

અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

૧ નેતાજી સુભાષચંદ્ર બોઝ હવાઈ મથક કયાં આવેલ છે?
(અ) ગુવાહાટી (બ) કોલકાત્તા
(ક) પણજી (ડ) કાનપુર

૨ કયું શહેર સ્થાપત્ય નગરી તરીકે ઓળખાય છે ?
(અ) જયપુર (બ) દિલ્હી
(ક) લખનૌ (ડ) ખજુરાહો

૩ કયું સ્થળ તાનસેન નગરી તરીકે ઓળખાય છે ?
(અ) ગ્વાલિયર (બ) વારાણસી
(ક) ઝાંસી (ડ) ફરિદાબાદ

૪ વિશ્વસ્વરૈયા રાષ્ટ્રીય તકનીકી સંસ્થાન કયાં આવેલ છે?
(અ) હૈદરાબાદ (બ) મેંગ્લોર
(ક) બેંગ્લોર (ડ) નાગપુર

૫ આર્યભટ્ટ અનુસંધાન વેધશાળા કયાં આવેલી છે?
(અ) પુણે (બ) નૈનિતાલ
(ક) સિમલા (ડ) ભુવનેશ્વર

૬ અમ્બુવાસીનો પ્રખ્યાત મેળો કયાં ભરાય છે?
(અ) ભુવનેશ્વર (બ) ગુવાહાટી કામાખ્યા મંદિરમાં
(ક) ઉજ્જૈન (ડ) ભોજપુરી

૭ હરિયાણામાં સિલાઈ મશીન ઉદ્યોગ માટેનું સૌથી મોટું કેન્દ્ર કયાં છે ?
(અ) અંબાલા (બ) સોનીપત
(ક) કુરુક્ષેત્ર (ડ) ચંદીગઢ

૮ ભારતનું પ્રથમ સોયાબીન વાયદા બજાર કયાં આવેલું છે?
(અ) નાગપુર (બ) ઈંદોર
(ક) અલ્હાબાદ (ડ) ભોપાલ

૯ મધ્યપ્રદેશનું ઝાંબુઆ શહેર કઈ નદી કિનારે આવેલ છે ?
(અ) બેતવા (બ) ઓરસંગ
(ક) નર્મદા (ડ) તવા

૧૦ ભારતીય માનક બ્યુરોનું મુખ્યાલય કયાં આવેલ છે ?
(અ) દિલ્હી (બ) લખનૌ
(ક) મુંબઈ (ડ) કોલકાત્તા

૧૧ સુખના અને બ્રહ્મ સરોવર કયાં રાજયમાં આવેલ છે ?
(અ) રાજસ્થાન (બ) પંજાબ
(ક) હરિયાણા (ડ) ઉત્તરાંચલ

૧૨ જયપ્રકાશ નારાયણ વિશ્વ વિદ્યાલય બિહારના કયા સ્થળે આવેલ છે ?
(અ) પટના (બ) છપરા
(ક) ગયા (ડ) નાલંદા

૧૩ જયાં મોટા પશુ મેળા ભરાય છે તે હિસાર અને રોહતક કયાં આવેલ છે?
(અ) રાજસ્થાન (બ) મધ્યપ્રદેશ
(ક) હરિયાણા (ડ) પંજાબ

૧૪ પ્રખ્યાત પ્રવાસધામ પંચમઢી કઈ નદી કિનારે આવેલ છે?
(અ) તવા (બ) ખાન
(ક) શિવના (ડ) બેતવા

૧૫ ઉમાનંદ નદી ટાપુ કયા રાજયમાં આવેલ છે ?
(અ) ઓરિસ્સા (બ) પ. બંગાળ
(ક) આસામ (ડ) મેઘાલય

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૧ મે : ત્રાસવાદ વિરોધી દિવસ
  - પદ્મશ્રી સન્માનિત હિન્દી સાહિત્યકાર શરદ જોષીનો જન્મદિવસ (૧૯૩૧)
  - ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન મેકલોમ ફ્રેસરનો જન્મદિવસ (૧૯૩૦)
  - ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા થઈ (૧૯૯૧)
  - એટલેન્ટિક સમુદ્ર પરથી ઉડ્ડયન કરનાર એમેલીયા એરાહર્ટ પ્રથમ મહિલા પાઈલોટ બની (૧૯૩૨)
- ૨૨ મે :
  - પ્રખ્યાત બ્રિટીશ સાહિત્યકાર સર કોનાન ડોલેનો જન્મદિવસ (૧૮૫૯)
  - અમેરિકામાં જોપ્લીન નામનું વાવાઝોડું ત્રાટકતા ૧૬૦ના મોત (૨૦૧૧)
  - સોવિયેટ રશિયાના મોસ્કો જનાર અમેરિકાના રિચાર્ડ નિકસન પહેલા વડાપ્રધાન (૧૯૭૨)
  - ચિલિ ખાતે આવેલ ધરતીકંપમાં ૫,૭૦૦ લોકોના અવસાન થયાં (૧૯૬૦)
- ૨૩ મે :
  - વિશ્વ સુંદરી જયપુર સ્ટેટના રાજમાતા ગાયત્રી દેવીનો જન્મદિવસ (૧૯૧૯)
  - અમેરિકન ગણિતશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી જેમનો નોબેલ પારિતોષિક મળેલ એવા જહોન નાશનું અવસાન થયું (૨૦૧૫)
  - સ્વીડનના બોટોનીટ્સ અને જીવ વિજ્ઞાની કાર્લોસ લિનીયસનો જન્મદિવસ (૧૭૦૭)
  - ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને ગણિતશાસ્ત્રી પી.સી. વૈદ્ય સાહેબનો જન્મદિવસ (૧૯૧૮)
- ૨૪ મે : કોમન વેલ્થ દિવસ
  - ઉર્દૂ શાયર મજરુહ સુલ્તાનપુરીનું નિધન (૨૦૦૦)
  - ન્યૂયોર્ક શહેરમાં ઈસ્ટ રિવર પર બુકલીંગ બ્રિઝનું ઉદ્‌ઘાટન થયું (૧૮૮૩)
  - બ્રિટનના મહારાણી વિકટોરીયાનો જન્મદિવસ (૧૮૧૯)
  - બાલ્ટીમોર અને ઓહીઓ વચ્ચે પ્રથમ રેલવે લાઈન શરૂ થઈ (૧૮૩૦)
- ૨૫ મે :
  - અમેરિકાના ફીલાડેલ્ફીયા ખાતે બંધારણીય સભાને ખુલ્લુ મુકવામાં આવી (૧૭૮૭)
  - બ્રિટીશ એકટર લોન મેકલનનો જન્મદિવસ (૧૯૩૯)
  - અમેરિકન પોલીસ દ્વારા આફ્રિકન - અમેરિકનની હત્યાના પગલે 'બ્લેક લીવ મેટર' આંદોલન અમેરિકામાં શરૂ થયું (૨૦૨૦)
  - અમેરિકાના નાશાનું યાન ચંદ્રની ધરતી પર લેન્ડ થયું ત્યારે અમેરિકન વડાપ્રધાન જહોન કેનેડીએ સંબોધન કર્યુ. (૧૯૬૧)
- ૨૬ મે :
  - રણજીતરામ સુવર્ણ ચંદ્રક અને અકાદમી પુરસ્કાર વિજેતા હરિવલ્લભ ભાયાણીનો જન્મદિવસ (૧૯૧૭)
  - અમેરિકન અવકાશયાત્રી સેલી રાઈડનો જન્મદિવસ (૧૯૫૧)
  - મશહુર ફિલ્મો બનાવનાર અમેરિકન પ્રોડ્યુસર ડાયરેકટર સીડની પોલોકનું અવસાન (૧૯૮૫)
  - ભારતના કુસ્તિબાજ સુશીલકુમારનો જન્મદિવસ (૧૯૮૩)
- ૨૭ મે :
  - ખનીજતેલ વિશેષજ્ઞ કેશવદાસ માલવિયાનું નિધન (૧૯૮૧)
  - કેનેડિયન આઈસ હૉકી પ્લેયર મૌરીક રિચાર્ડનું અવસાન (૨૦૦૦)
  - ઈટલીના ફલોરેન્સ શહેર પર બોમ્બ દ્વારા આતંકવાદી હુમલો થયો (૧૯૯૫)
  - ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનું અવસાન થયું (૧૯૬૪)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

આસામના મુખ્યમંત્રી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

જવાબ : હિમંતા બિસ્વા શર્મા

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૫) હાર્દિક ભટ્ટ - સે-૨૪ (૬) ગિતેષ એ પટેલ : સરગાસણ (૭) મીત પી પટેલ : સે-૨૩ (૮) પૂનમ એમ સુથાર : રાંધેજા

**આ સપ્તાહનો સવાલ**

કચ્છના કંડલા ખાતે છેલ્લે કઈ સાલમાં વિનાશક વાવાઝોડું આવ્યું હતું?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# વાત વાવાઝોડા જેવા માણસની...



## હળવે હૈયે

પ્રકાશ લાલા

ગુડ મોર્નિંગમાં લાલાકાકાનું અમને અમારા ઘરના ઝાંપે 'દૂરદર્શન' થયું. ઝાંપો ખોલી, અંદર આવતાં એમણે કહ્યું : 'પનુભાઈ, વાવાઝોડું ગયું!'

'ના, અમારા ત્યાં તો વાવાઝોડું હવે આવી રહ્યું છે!!' અંકલને જોઈ અમારાથી ધીરે રહીને બોલાઈ ગયું... વંટોળિયાની જેમ અચાનક આવી, કંઈક ધમાલ - ગરબડ કરી મૂકવાની ને ગમે તેને પોતાની અડફેટે ચઢાવી દેવાની પ્રકૃતિવાળા 'રેડ અંકલ' વાવાઝોડાથી કમ નથી જ એટલે એમને આવતા જોઈ થયું કે ગુજરાત ઉપર 'તાઉતે' ત્રાટકી, વિનાશ વેરીને ભલે જતું રહ્યું હોય, અમને પરેશાન કરનારું 'રેડ અંકલ વાવાઝોડું' તો હવે આવી રહ્યું છે - અમે વિચારતા રહ્યા અને અંકલ ઓટલા પર એન્ટ્રી મારી, અમારાથી 'દો ગજકી દૂરી' એ ખુરસી પર ગોઠવાઈ ગયા : 'ચાલો ત્યારે પનુભાઈ, છાપું લાવો. જરા નજર નાખી લઉં... ત્યાં સુધી તમે અંદર આદુવાળી ચાનો ઓર્ડર આપી દો... તમારે પીવી હોય તો બે કપ કહેજો, વાંધો નહીં.'

હવે, કાકાની આ દાદાગીરી વાવાઝોડાની તેજ રફતાર જેવી જ કહેવા ને!

અમે બૂમ પાડીને શ્રીમતીજીને 'લાલાકાકા આવ્યા છે' એવું જણાવ્યું તો અંદરથી અવાજ આવ્યો : 'હા, ખબર પડી!!' બોલો, વાવાઝોડાનું આગમન કોથી છાનું થોડું રહે...? એની અસર જ એવી હોય છે !!

'પનુભાઈ...' છાપામાંથી ડોકું બહાર કાઢી, અમને પૂછ્યું : 'પનુભાઈ, આ આવીને ગયું એ વાવાઝોડાનું સાચું નામ શું હતું?' તૌકતે, તાઉ-તે, તૌકતે ? ના, ના.... આ તો જુદા જુદા પેપરવાળા ને ટીવી ન્યુઝ ચેનલ વાળા અલગ અલગ નામો લખે છે ને એટલે પુછ્યું...'

'અંક, વાવાઝોડાને ગમે તે નામે બોલાવો... એ તોફાની ને વિનાશક જ હોવાનું. નામમાં શું રાખ્યું છે?'

'એ તો બરાબર પણ ભાઈ, નામ તો છેલ્લે નામ છે ને! તમને હું પનુભાઈને બદલે પશુભાઈ કહીને બોલાવનું તો ગમે ? ચાલે ?' અંકલ વાવાઝોડાની માફક સીધા અમારી ઉપર જ ત્રાટક્યા.

અમે શું કહેવું તે વિચારમાં મૌન ધારણ કર્યું. તો લાલાકાકાએ આગળ ચલાવ્યું : 'વાવાઝોડાનો ગુણધર્મ ભલે એક રહ્યો પણ એ કેટલાક પ્રકારના હોય છે. તેથી તેમને અલગ પાડવા - ઓળખવા જુદા જુદા નામો અપાયાં છે તે જાણવા જોઈએને...'

'હા, એ વાત સાચી.'

'યાર, વાવાઝોડાનાં નામોય કેવાં કેવાં પડાયા છે!'

નિસર્ગ, બુલબુલ, નિશા, તિતલી, નિલમ, ફોની વગેરે વગેરે.... આ નામો સાંભળીને એ તોફાની - ઝંઝાવાતી - ભયાનક વાવાઝોડું હશે એનો અંદાજો ય ન આવે, હોં...'

'એવું તો વાસ્તવિક જીવનમાં ય કયાં નથી બનતું ? શાંતિલાલને કાયમ ગરમ લાહ્ય જેવા રહેતા અને બીજાઓની શાંતિ હરિ લેનારા જોયા છે તો શેરસિંગ નામધારી સાવ નરમ ગાય જેવા હોઈ શકે....'

'બરાબર...' અમારી વાત પર જોરથી હસી પડ્યા અંકલ. પછી પાછો લાલાકાકાએ વાર્તાલાપ શરૂ કર્યો : 'પનુભાઈ, બિચારા સી.એમ. એ શું કરે ? એમને તો એક સાંધો ત્યાં ત્રણ તૂટે છે....'

'રાઈટ, અંકલ... કોરોનાના કેર સામે લડવામાં કળ વળી નથી ત્યાં વાવાઝોડું ખબર લઈ નાખવા આવ્યું... કયાં ને કેટલે પહોંચી વળે સી.એમ. - ચીફ મિનિસ્ટર !'

'પનુભાઈ, હું સી.એમ. એટલે કોમનમેન - સામાન્ય પ્રજાની પરેશાનીનો પાર નથી... મુસીબતોની વણઝાર એની ઉપર ચાલી આવે છે... જો કે કોમન મેન - સી.એમ. પરેશાન હોય ત્યારે એમના સી.એમ. - ચીફ મિનિસ્ટરનીય ઉંઘ હરામ થઈ જાય એ પણ સાચી વાત.... સી.એમ. કહેતાં ચીફ મિનિસ્ટર પોતાના સી.એમ. કહેતા - કોમન મેનની તકલીફો - સંકટો જેટલાં બને તેટલાં દૂર કરવા, પ્રજાને જેમ બને તેમ જલ્દી ને વધુમાં વધુ રાહત પુરી પાડવા રાતદિવસ જોયા વિના, પોતાના તંત્રને માર્ગદર્શન આપતા રહે છે. પૂરા જોશ સાથે સરકારી મશીનરીને કામે લગાડતા રહે છે... એ માટે સી.એમ. - ચિફ મિનિસ્ટર સાહેબને ધન્યવાદ છે. આપણા મુખ્યમંત્રીશ્રીએ કોરોનાની બીજી લહેર સામે આયોજનબદ્ધ લડત આપી તો હવે રાહતના સમાચાર મળતા થયા છે. એ જ રીતે વાવાઝોડા સામે આગોતરા, સમયબદ્ધ, શ્રેણીબદ્ધ પગલાંઓના આદેશો આપી કામગીરી કરાવી તો 'તાઉ-તે' મોટી જાનહાનિ કરી જાય તે પહેલાં એને 'ટાટા.. ગુડ બાય' કરી શક્યા ને આપણે !

'હાસ્તો.. મુખ્યમંત્રીશ્રીની ખુરશીમાં કંઈ ફૂલોની ગાદી નથી હોતી, કયારેક કાંટાળી ગાદી બની જતી હોય છે...'

'હં... પણ હજી આ ના આવી ! તમે અંદર કડક આદેશ કરો ને...'

'ના, હોં અંકલ... વાઈફ અને વાવાઝોડું... બંનેની રાશિ એક કહેવાય... જો વિફરે ને તો ચા મળવાની બાજુએ રહે... આપણી આંખે પાણી લાવી દે... માટે કડક થવાની વાત રહેવા દઈ શાંતિથી ચાની રાહ જુઓ....'

'સમજી ગયો... પનુભાઈ, પેલા જોક જેવું ખરુ ને....'

એક ભાઈને સાસરેથી ફોન આવ્યો : 'તમારે ત્યાં વાવાઝોડાની અસર કેવી છે ? તો એ ભાઈ ગુસ્સે થઈને બોલ્યા : છેક ૩૦ વર્ષે પૂછો છો ? મતલબ વાઈફ એટલે....'

ત્યાં અંકલે અમારા શ્રીમતીજીને ચા લઈને આવતાં જોયાં એટલે ચૂપ થઈ ગયાં ને મોં ઉપર હાસ્યનું 'માસ્ક' ધારણ કરી લીધું!!